ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web:kskvku.digitaluniversity.ac

રેફ.નં.: કયુ/ ઈ.સી.–મીનીટ્સ/ ૨૦૨૩/ ૨૧૧૭

તા:– ૧૪/૦૮/૨૦૨૩

પ્રતિશ્રી,
તમામ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય :–** એકિઝકયુટીવ કાઉન્સિલની તા.૧૨/૦૮/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મીનીટ્સ નોંધ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, એકિઝકયુટીવ કાઉન્સિલની માનનીય કુલપતિશ્રીના અઘ્યક્ષ સ્થાને તા.૧૨/૦૮/૨૦૨૩ સોમવારના રોજ ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મીનીટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ઘ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– તા.૧૨/૦૮/૨૦૨૩ના રોજ મળેલ મિટીગની મીનીટ્સ નોંધ

નકલ રવાના જાણ અર્થે:–
૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–
૧. કુલસચિવશ્રીના કાર્યાલય તરફ
૨. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૩. સંબંધિત ફાઈલે.

## ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

## તા.૧૨/૦૮/૨૦૨૩ શનીવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીગની મીનીટ્સ નોંધ

આજ રોજ તા.૧૨/૦૮/૨૦૨૩ શનીવારના સવારે૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>માનનીય કા.કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૩. | ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૪. | ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ<br>એન્ડ મેડિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૫. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | — |
| ૬. | **ખાલી**<br>ડીનશ્રી, .............<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | — |
| ૭. | ડૉ. સી. એસ. ઝાલા<br>આચાર્યશ્રી,<br>આર. આર. લાલન કોલેજ,ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. પરેશ રાવલ<br>આચાર્યશ્રી,<br>સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,રાપર | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૯. | પ્રો.(ડૉ) દર્શનાબેન ધોળકિયા<br>પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | ડૉ. કાશ્મીરાબેન મહેતા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | – |
| ૧૨. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | – |
| ૧૩. | ડૉ. જી. એમ. બુટાણી<br>કુલસચિવશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર<br>સેક્રેટરી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. ગત એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા. ૧૫/૦૭/૨૦૨૩ના રોજ મળેલ બે મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબત.

**ઠરાવ: ૧ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા. ૧૫/૦૭/૨૦૨૩ ઉકત બન્ને મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.**

૨. એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૮/૨૦૨૩ ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબત.

**ઠરાવ: ૨ એકેડેમિક કાઉન્સિલની ઉકત મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.**

૩. નાણાં–ખરિદ સમિતિની તા.૨૩/૦૬/૨૦૨૩ તથા તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ મળેલ સંયુકત મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબત

**ઠરાવ: ૩ નાણાં–ખરિદ સમિતિની તા.૨૩/૦૬/૨૦૨૩ તથા તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ મળેલ સંયુક્ત મિટીંગની મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.**

૪. SHoDH તથા યુનિવર્સિટીના કોલોબ્રેશન દ્વારા આયોજિત રિસર્ચ કોનકલેવ–૨૦૨૩–અમદાવાદ ખાતે યોજાયેલ બે દિવસીય આંતરરાષ્ટ્રિય સેમિનાર માટે સ્પોનસરશીપ પેટે બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને રકમ રૂા. ૧,૦૦,૦૦૦ આપ્યા બાબતે..

**ઠરાવ: ૪ ઉપરોકત ફાળવેલ રકમ સર્વાનુમતે મંજૂર રાખવામાં આવે છે.**

૫. ડૉ. કે.એમ. ત્રિવેદી, અધ્યક્ષશ્રી, સંસ્કૃત વિભાગે હાલ તેઓશ્રી સંભાળી રહેલ જુથ વિમાની કામગીરી અન્યને સોંપવા તા.૦૭/૦૮/૨૦૨૩ ના અરજી કરેલ છે જે અનુસંધાને ચર્ચા–વિચારણા.

**ઠરાવઃ ૫ ડૉ. કે.એમ. ત્રિવેદી, અધ્યક્ષશ્રી, સંસ્કૃત વિભાગે અત્યાર સુધી જુથ વિમાની કામગીરી સુચારૂ રૂપે અને નિષ્ઠા પૂર્વક તેઓશ્રીએ સંભાળેલ હોવાથી તેમના અનુભવની દીર્ઘ સેવાને ધ્યાનમાં લેતાં વિદ્યાર્થી હિતમાં આ કામગીરીમાં તેમની સેવા ચાલુ રાખવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૬. યુનિવર્સિટી સંલગ્ન કોઈ કોલેજ / કોર્ષ બંધ થતાં ત્યાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમનો બાકી રહેતો અભ્યાસ પૂર્ણ કરવા અન્ય કોઈ કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છે ત્યારે એ.ટી.કે.ટી.ના વિદ્યાર્થીઓને ટ્રાન્સફર સર્ટીફિકેટનો પ્રશ્ન ઉદ્‌ભવે છે. તો આવા વિદ્યાર્થીઓના કેસમાં ટ્રાન્સફર સર્ટીફિકેટ બાબતે ચર્ચા–વિચારણા.

**ઠરાવઃ ૬ જો કોઈ કોલેજ/ કોર્ષ બંધ થતાં એ.ટી.કે.ટી. ના વિદ્યાર્થીઓને ટ્રાન્સફર સર્ટીફિકેટનો પ્રશ્ન ઉદ્‌ભવે છે, તેવા સંજોગોમાં ખાસ કિસ્સામાં યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી લઈ વિદ્યાર્થી હિતને ખાતર આવા વિદ્યાર્થીઓને પ્રવેશ/ પરીક્ષા માટે ટ્રાન્સફર સર્ટીફિકેટ આપવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૭. તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરની તા.૦૩/૦૮/૨૦૨૩ વાળી અરજી અનુસાર કોલેજને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ ઉજવણીના ભાગરૂપે કચ્છ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે યોજાતા યુથ ફેસ્ટીવલનું આ વર્ષનું યજમાન પદ તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરને આપવા તથા છેલ્લા યોજાયેલ યુથ ફેસ્ટિવલના કુલ ખર્ચની રકમના ૫૦ % રકમ કોલેજને ફાળવવા અને બાકીની રકમ કોલેજ ભોગવી લેવાની તૈયારી બતાવેલ છે. જે બાબતે ચર્ચા– વિચારણા.

**ઠરાવઃ ૭ તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરની તા.૦૩/૦૮/૨૦૨૩ વાળી અરજી અનુસાર કોલેજને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ ઉજવણીના ભાગરૂપે કચ્છ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે યોજાતા યુથ ફેસ્ટીવલનું આ વર્ષનું યજમાન પદ તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. યુથ ફેસ્ટિવલના આયોજનની સહભાગીતા તરીકે યુનિવર્સિટી તરફથી રકમ રૂા.૫,૦૦,૦૦૦/– આપવાનું નકકી કરવામાં આવે છે. આ યુથ ફેસ્ટિવલ બે દિવસનો યોજવાનો રહેશે તેમજ યુનિવર્સિટીના કલ્ચરલ કો–ઓર્ડિનેટરશ્રી સાથે સંકલનમાં રહી યુનિવર્સિટીના નિયમાનુસાર આયોજન કરવાનું રહેશે.**

૮. તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર ખાતે એમ.એસસસી. કેમેસ્ટ્રી અનુસ્નાતક સેલ્ફ ફાયનાન્સ ધોરણે શરૂ કરવા બાબત.

**ઠરાવઃ ૮ તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર ખાતે એમ.એસસસી. કેમેસ્ટ્રી અનુસ્નાતક સેલ્ફ ફાયનાન્સ ધોરણે શરૂ કરવા માટે એક નીડ કમિટિની રચના કરીએ અને કમિટિના અહેવાલ બાદ આગળની કાર્યવાહિ હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. આ દરખાસ્ત માટે નીચે અનુસાર નીડ કમિટિના સભ્યશ્રીઓની નિયુક્તિ કરવામાં આવે છે.**

**૧. ડૉ. પરેશ રાવલ –અધ્યક્ષશ્રી**
**૨. ડૉ. અનીલ ગોર –સભ્યશ્રી**
**૩. ડૉ. ભાવેશ ડોડિયા –સભ્યશ્રી**
**૪. ડૉ. વિજય રામ –સભ્યશ્રી**

.૯. સરકારશ્રીના સૂચન અનુસાર ચાલુ શૈક્ષણિક વર્ષથી અમલીકરણ કરવાની થતી નવી શિક્ષણ નીતિ અનુસારના જે વિષયોના અભ્યાસક્રમ આવેલ નથી તે બાબતે ચર્ચા–વિચારણા

**ઉપરોક્ત મુદ્દો રદ કરવામાં આવે છે.**

૧૦. પરીક્ષા વિભાગની આવેલ રજૂઆત/ નોંધ અનુસાર ઉત્તરવહિ ગુમ થયેલ કિસ્સાઓમાં વિદ્યાર્થીના પરિણામ સંદર્ભે શી કાર્યવાહિ કરવી તે બાબતે ચર્ચા– વિચારણા.

**ઠરાવ: ૯ આ ખાસ કિસ્સામાં ગુજરાત માધ્યમિક બોર્ડ અને અન્ય યુનિવર્સિટીઓના નીતિ નિયમો અને કરવામાં આવતી કાર્યવાહિને અનુસરવાનું ઠરાવવામાં આવે છે. ઉક્ત કિસ્સામાં કામગીરી સંભાળતા રીસીવિંગ સેન્ટરના તમામ કર્મચારીશ્રીઓને આગામી ત્રણ વર્ષ માટે અસેસમેન્ટ સેન્ટર, રીસીવીગ સેન્ટર, ડેટા એન્ટ્રી સેન્ટરની કામગીરીમાંથી બાકાત રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૧. આગામી ચાલુ શૈક્ષણિક વર્ષ–૨૦૨૩ માટે પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના કરવા બાબત.

**ઠરાવ: ૧૦ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ની પરીક્ષા શુધ્ધિ સમિતિને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે યથાવત રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૨. કોપીકેશના નિયમો નવી શિક્ષણ નિતી અનુસાર સુધારવાની જરૂરિયાત હોતા તે બાબતે ચર્ચા–વિચારણા.

**ઠરાવ: ૧૧ આ બાબતે પરીક્ષા નિયામકશ્રી નવી શિક્ષણ નીતિની SOP નો વિસ્તૃત અભ્યાસ કરી નવી શિક્ષણ નીતિને કારણે ઉદ્‌ભવતા પ્રશ્નોની વિગતવાર નોંધ તૈયાર કરી અત્રે રજૂ કરવાનું ઠરાવવામાં આવે છે.**

૧૩. નવી શિક્ષણ નિતી અમલમાં આવતાં પેપરના કલાકો તથા માળખાંમાં ફેરફાર થતાં પરીક્ષાના તમામ રેમ્યુનરેશનના દરોમાં સુધારા–વધારા અનુસંધાને ચર્ચા–વિચારણા.

**ઠરાવ: ૧૨ આ બાબતે પરીક્ષા નિયામકશ્રીએ અગાઉના નિયમોમાં ક્યાં સુધારા/ ફેરફાર કરવાના થાય છે તે વિસ્તૃત નોંધ તૈયાર કરી અત્રે રજૂ કરવાનું ઠરાવવામાં આવે છે.**

૧૪. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.

૧. શ્રી હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા તા. ૯/૮/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ લેખિત રજૂઆત તથા તેમના દ્વારા આપવામાં આવેલ એક્ઝિક્યુટીવ સમિતિ અને સલાહકાર સમિતિ બાબતે ચર્ચા

**ઠરાવ: ૧૩ શ્રી હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા રજૂ થયેલ એક્ઝિક્યુટીવ સમિતિ અને સલાહકાર સમિતિને બહાલ રાખવામાં આવે છે. આ સંબંધિત કોઈ ખર્ચનું ભારણ યુનિવર્સિટીને રહેશે નહિ. અને આ કેન્દ્ર દ્વારા પ્રસ્તાપિત ઓપન સ્ટેજ થીયેટર બનાવી આપવાના પ્લાનને ગ્રાહય રાખવામાં આવે છે અને આ અંગેની સ્થળ ફાળવણી કુલસચિવશ્રીએ નકકી કરી એક્ઝિક્યુટીવ કાઉન્સિલ સમક્ષ મુકવાની રહેશે.**

૨. યુનિવર્સિટી કેમ્પસ પર હાલ બાંધકામને લગતા કામ કાજો ચાલી રહયા છે જેની યોગ્યતા તથા વહિવટી સરળતા માટે એક ટેકનિકલ એડવાઈઝરની નિયુકિત કરવા બાબતે ચર્ચા–વિચારણા.

**ઠરાવઃ ૧૪** **શ્રી નવિનભાઈ ઓઝા(નિવૃત ઈજનેર, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા) ની ટેકનિકલ એડવાઈઝર તરીકેની સેવાઓ લેવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે અને તેઓશ્રીની દરેક મુલાકાત દીઠ માનદ વેતન રૂા.૬,૦૦૦ અને ટી.એ. (ખરેખર ખર્ચ), ડી.એ. ચૂકવવાનું ઠરાવવામાં આવે છે. આ ખર્ચમાં ફેરફાર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે. આ અંગેનો ખર્ચ યુનિવર્સિટીના સ્વ ભંડોળમાંથી કરવાનો રહેશે.**

૩. યુનિવર્સિટીમાં થતી કોર્ટ મેટરો બાબતે યુનિવર્સિટીના વકિલ તરીકે નિયુકિત કરવા બાબત

**ઠરાવઃ ૧૫** **યુનિવર્સિટીમાં થતી કોર્ટ મેટર બાબતે યુનિવર્સિટીના વકિલ તરીકે અવિનાશભાઈ ઠક્કરની નિમણૂક આગામી એક વર્ષ માટે કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તેમજ નિમણૂક અંગેની સમય મર્યાદા વધારવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું નકકી કરવામાં આવે છે તથા આ અંગે થનાર ખરેખર ખર્ચ કરવાની મંજૂર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. આ અંગેનો ખર્ચ યુનિવર્સિટીના સ્વ ભંડોળમાંથી કરવાનો રહેશે.**

૪. મહેકમ શાખા માટે એક અનુભવિ અધિકારી/ કર્મચારીની નિયુકિત કરવા બાબત

**ઠરાવઃ ૧૬** **યુનિવર્સિટીનો મહેકમ વિભાગ એક મહત્વનો વિભાગ હોઈ કોઈ નિવૃત અધિકારી/ કર્મચારીના અનુભવનો લાભ મળે તે હેતુ વહિવટી સરળતાને ધ્યાને લેતા મહેકમ વિભાગમાં દૈનિક રૂા.૯૦૦/– ના દરે નિવૃત અધિકારી/ કર્મચારીની સેવાઓ લેવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. આ અંગેનો ખર્ચ યુનિવર્સિટીના સ્વ ભંડોળમાંથી કરવાનો રહેશે. નિયુકતી થયે આ અંગેની જાણ એકિઝકયુટીવ કાઉન્સિલને કરવાની રહેશે.**

૫. સરકારશ્રી તરફથી મંજૂર થયેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જગ્યાઓની આગામી ભરતી માટેની SOP અને આર.આર નકકી કરવા બાબત

**ઠરાવઃ ૧૭** **સરકારશ્રી તરફથી મંજૂર થયેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જગ્યાઓની આગામી ભરતી માટેની SOP અને આર.આર નકકી કરવા માટે નીચે અનુસાર ભરતી પ્રક્રિયા માટે હાઈ પાવર કમિટિની રચના સર્વાનુમતે કરવાનું આથી ઠરાવવામાં આવે છે.**

**૧. માનનીય કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી – અધ્યક્ષશ્રી**

**૨. ડૉ. સી. એસ. ઝાલા – એકિસકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રી – સભ્યશ્રી**

**૩. ડૉ. ખેર– કુલસચિવશ્રી, ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી, અમદાવાદ– સભ્યશ્રી**

**૪. ડૉ. આર.સી. ખડિયા, કુલસચિવશ્રી, વી.એન.એસ. યુનિવર્સિટી**

**૫. કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટી – મેમ્બર સેક્રેટરીશ્રી**

.૬. યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં કર્મચારીઓના પગાર વધારા બાબતે..

ઠરાવ: ૧૮ યુનિવર્સિટીમાં હાલ હંગામી ધોરણે કરાર આધારિત, વાઉચર પર, દૈનિક વેતન પર તા.૩૧/૩/૨૦૨૦ પહેલાંથી ફરજ બજાવતા / કામ કરતા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓને વચગાળાની રાહત (મોંઘવારી) રૂપે નીચે અનુસાર માસિક વધારો તા.૦૧/૦૮/૨૦૨૩ થી અમલમાં આવે એ રીતે આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.
(આ વધારો મૂળ પગારમાં ગણાશે નહિ.) આ વચગાળાની રાહતનું બીલ હિસાબી શાખાએ અલગથી સ્વ ભંડોળમાં આકારવાનું રહેશે.

| ક્રમ | સંવર્ગ | વચગાળાની રાહતની રકમ (માસિક) |
|---|---|---|
| ૧. | અધ્યાપક તથા લાયબ્રેરીયન | ૫,૦૦૦/– |
| ૨. | એડમિન મેનેજર, સિવિલ એન્જિનીયર, લેબ આસીસટન્ટ, પ્રોગ્રામર | ૪,૦૦૦/– |
| ૩. | કલાર્ક, ડ્રાઈવર | ૩,૦૦૦/– |
| ૪. | પટાવાળા, હોસ્ટેલ વોર્ડન, ઈલેક્ટ્રીશીયન, પ્લમ્બર, માળી અને તા.૩૧/૩/૨૦૨૦ પહેલાંના વાઉચર પર, દૈનિક વેતન પર આધારિત કર્મચારીઓ | ૨,૦૦૦/– |

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ

નકલ રવાના જાણ અર્થે:–

૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ